## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



સાહેબ.. હમણાં પૈસાની જરૂર છે તો... લગ્ન ગોઠવીને કંકોત્રીથી પૈસા ઉપાડી તો લઉં... પણ ભવિષ્યમાં છુટા છેડા થઈ જાય તો મારા પર આઈ.ટી. ડિપાર્ટમેન્ટ કોઈ કાર્યવાહી તો નહીં કરે ને...???

# ગેરકાયદે બાંધકામ પર કલેક્ટર ડીડીઓએ સ્થળ પર જ મનાઈ હુકમ આપ્યો

### ચિલોડાના ગેરકાયદે દબાણો સામે કડક કાર્યવાહી કરવા તંત્રને કડક તાકીદ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના પૂર્વ વિસ્તારના પ્રવેશદ્વાર સમા ચિલોડા વિસ્તારમાં ગેરકાયદે દબાણો ઉભા કરવા સામે જિલ્લાતંત્રએ લાલ આંખ કરી છે અને અહિ ગેરકાયદે બાંધકામ પર મનાઈ ફરમાવી દબાણો દૂર કરવાની સૂચના આપવામાં આવી છે.

ચિલોડા પંથકમાં વધતા જતા ગેરકાયદે દબાણોને મુદ્દે ચિલોડા-દહેગામ માર્ગ પર ગેરકાયદે બાંધકામની ચાલી રહેલી પ્રવૃત્તિ આજે જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીની નજરમાં આવતાં જ તાકીદે કામ બંધ કરાવ્યુ હતુ તેમજ તંત્રના અધિકારીઓને દબાણો સામે કડક હાથે કામ લેવા સૂચનાઓ આપી છે.

ચિલોડા સર્કલની આસપાસ સંખ્યાબંધ દબાણો ઉભા થઈ ગયા અંગે અગાઉ જિલ્લા વિકાસ અધિકારીએ સંબંધિત વિભાગો સાથે બેઠક પણ કરી હતી અને આવા દબાણો ઓળખી નોટીસો આપવા જે તે તંત્રને જણાવ્યુ હતુ જે ઉલ્લેખનીય છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આગામી ટુંક જ સમયમાં સ્ટેટ, હાઈવે ઓથોરીટી તેમજ પંચાયત, માર્ગ-મકાન, ગુડા સહિતના સત્તામંડળો દ્વારા સામુહિક દબાણ હટાવ અભિયાન હાથ ધરવામાં આવશે.

# જુનિયર હેન્ડબૉલ ચેમ્પિયનશીપમાં સાઈની ટીમને ગોલ્ડ મેડલ

### અન્ડર-૧૯ બોયઝ કેટેગરીમાં વિજેતા સાઈની ટીમમાં ગાંધીનગર સાઈના ૭ ખેલાડીઓ

ગાંધીનગર, તા. ૨૩

તાજેતરમાં બિહારના પટના ખાતે યોજાયેલ ૩૯મી જુનિયર નેશનલ હેન્ડબૉલ ચેમ્પિયનશીપમાં સાઈની બોયઝ ટીમે અન્ડર-૧૯ કેટેગરીમાં ગોલ્ડમેડલ જીત્યો છે. આ ટીમમાં ગાંધીનગર સાઈના સાત ખેલાડીઓ સામેલ હોવાથી શહેરના ખેલ રસિકોમાં આનંદનું મોજુ છવાયું છે.

બિહારના પટના ખાતેના પાટલીપુત્ર સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં તા. ૧૮ થી ૨૩ નવેમ્બર દરમ્યાન ૩૯મી જુનિયર નેશનલ હેન્ડબૉલ ચેમ્પિયનશીપ યોજાઈ હતી. રાષ્ટ્રીયકક્ષાની આ ટૂર્નામેન્ટમાં ગર્લ્સ અને બૉયઝ બંને વિભાગમાં અન્ડર-૧૫ અને અન્ડર-૧૯ એમ બે કેટેગરીમાં સ્પર્ધા યોજાઈ હતી. આ ટૂર્નામેન્ટમાં સાઈની અન્ડર-૧૯ બૉયઝ ટીમે સ્પર્ધા જીતી લેતા ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ વિજેતા ટીમો નેશનલ હેન્ડબૉલ એકેડેમી ભિલાઈની ટીમને ૩૬-૩૩ના સ્કોરથી પરાજય આપ્યો હતો.



આ વિજેતા ટીમમાં ગાંધીનગર સાઈના ૭ ખેલાડી સામેલ હતા. આ ઉપરાંત ટીમમાં ૭ ખેલાડી સાઈ-દિલ્હીના, ખેલાડી સાઈ ઔરંગાબાદ અને ૧ ખેલાડી સાઈ બેંગલુરૂનો સમાવેશ કરાયો હતો. ગાંધીનગર સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના રિજીયોનલ ડાયરેક્ટર આર.કે. નાયડુએ સાઈની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગરમાં પ્રથમ ઈન્ટરનેશનલ બૌદ્ધિસ્ટ કોન્ફરન્સનું આયોજન

### સંગકાયા ફાઉન્ડેશન દ્વારા આયોજિત કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલી કરશે : કમ્બોડિયાના પ્રિન્સ સહિત દેશ વિદેશના ૧૫૦૦થી વધુ ડેલિગેટ્‌સ ઉમટી પડશે

ગાંધીનગર, તા. ૨૩

સંઘકાયા ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગરના આંગણે પ્રથમ ઈન્ટરનેશનલ બૌદ્ધિસ્ટ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સ તા. ૨૭મી નવેમ્બરે સેક્ટર-૧૭માં ટાઉનહોલ ખાતે યોજાશે. જેમાં કમ્બોડિયાના રાજવી પ્રિન્સ થાનરો નોરોડોમ સહિત દેશ-વિદેશના ૧૫૦૦થી વધુ ડેલિગેટ્‌સ ઉમટી પડશે. આ કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન રાજ્યના રાજ્યપાલ ઓ.પી. કોહલી કરશે.

ભારતમાં જન્મેલા ગૌતમ બુદ્ધ દ્વારા સ્થાપિત બૌદ્ધ ધર્મ અનેક દેશોમાં પ્રસર્યો છે. જે દેશોમાં બૌદ્ધ ધર્મનો પ્રભાવ પ્રમુખ છે તે દેશો આજે પણ બુદ્ધની જન્મભૂમિ હોવાને નાતે ભારતને ગુરૂ માને છે. આ દેશોના બૌદ્ધિસ્ટોનું પહેલુ આંતરરાષ્ટ્રીય સંમેલન સંઘકાયા ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગરના આંગણે આયોજિત કરાયું છે.

જેનું ઉદ્‌ઘાટન ગુજરાતના રાજ્યપાલ ઓમ પ્રકાશ કોહલી દ્વારા કરવામાં આવશે. આ આંતરરાષ્ટ્રીય સંમેલનમાં બૌદ્ધધર્મી રાષ્ટ્ર કમ્બોડિયાના પ્રિન્સ થાનરો નોરોડૉમ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત થાઈલેન્ડ, સિંગાપોર, કેનેડા, યુએસએ સહિતના દેશોમાંથી ૧૨ વિદેશી ડેલિગેટ્‌સ, નેપાળમાંથી ૫ ઈન્ટરનેશનલ ડેલિગેટ્‌સ, ૫૦ જેટલા બૌદ્ધ ભિક્ષુકો તેમજ દેશભરમાંથી ૧૫૦૦ જેટલા બૌદ્ધિસ્ટો આ કોન્ફરન્સમાં ભાગ લેશે. આ કોન્ફરન્સના આશરે ૧૭૨ જેટલા ડેલિગેટ્‌સ તો કોન્ફરન્સના બે દિવસ પહેલા આવી પહોંચશે અને ગુજરાતમાં રહેલા ઐતિહાસિક બૌદ્ધ વારસાના સ્થળોની મુલાકાત લેશે. આ કોન્ફરન્સ ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાત અને ભારતના બૌદ્ધિસ્ટો માટે મહત્વનું સંમેલન સાબિત થશે તેવુ જણાય છે.

## રાજપૂત મહિલા સંગઠન દ્વારા વિવિધ વર્ગોનો ૨૬મીથી પ્રારંભ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લા રાજપૂત સંગઠન દ્વારા તલવારબાજી, ઘુમર, સ્પોકન ઈંગ્લિશ, હેન્ડીક્રાફ્ટ તથા સિવણના વર્ગો શરુ કરવામાં આવશે. આ વર્ગો તા. ૨૬ નવેમ્બરથી શરુ કરવામાં આવશે.

આ વર્ગોમાં હાજર રહેવા ઈચ્છતા તથા સંગઠનમાં જોડાવવા માંગતા સેકટર તથા જિલ્લાના તમામ ગામોના રાજપૂત સમાજના બહેનોએ સરોજબા રહેવર તથા મોનિકાબા ડાભીનો સંપર્ક કરવો. આ કાર્યક્રમ ૨૬મીએ બપોરે ૨.૩૦થી ૫.૦૦ કલાક દરમિયાન યોજાશે. આ અંગેની મીટીગમાં સંગઠનની મહિલાઓએ અચૂક હજર રહેવા વિનંતી છે.

વધુ વિગતો અને સ્થળની માહિતી માટે સરોજબા રહેવર મો. ૯૫૩૭૮૦૫૫૩૬ અને મોનિકાબા ડાભી મો. ૯૭૨૭૨૫૨૨૦૯નો સંપર્ક કરી શકાશે.



### સ્વચ્છ ભારત સ્પર્ધામાં ડીપીએસ મોખરે

સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ અંતર્ગત તા. ૧૯ અને ૨૦મી નવેમ્બર દરમિયાન 'સ્વચ્છતા અભિયાન' વિષયે ચિત્ર સ્પર્ધા તથા વોલ પેઈન્ટિંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધા ડૉ. જીવરાજ મહેતા ભવનના બ્લોક નં. ૧૬ ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં વિવિધ શાળાઓના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગાંધીનગરની દિલ્હી પબ્લિક સ્કૂલના ધો-૮ થી ૧૧ના કુલ ૨૧ વિદ્યાર્થીઓએ પણ ભાગ લઈ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા સ્પર્ધામાં સૌથી વધારે ટ્રોફી-પ્રમાણપત્રો મેળવ્યા હતા. આ પ્રસંગે સ્કૂલના પ્રિન્સિપાલ કમલચંદે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

# રૂપાલ ખાતે દેના બેંક એટીએમ મોબાઈલ સેવાનો આરંભ કરાવતા કલેકટર

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લામાં દેના બેંક દ્વારા મોબાઈલ એટીએમ સેવાનો આજથી આરંભ કરવામાં આવ્યો છે.

જિલ્લા કલેકટરશ્રી સતીષ પટેલના હસ્તે આજે રૂપાલ ખાતે આ એટીએમ મોબાઈલ સેવાનો આરંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવાંગ દેસાઈ, રિજીયોનલ મેનેજર સુશ્રી ચિત્રા કિર્તીવાસન, લીડ બેંક મેનેજરશ્રી જેતાવત સહિત બેંકીંગ ક્ષેત્રના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

જિલ્લા કલેકટરશ્રી સતીષ પટેલે બેંક દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં એટીએમ સેવા વર્તમાન સમયમાં શરુ કરી સેવાના અભિગમને જે ચરિતાર્થ કરેલ છે તે અભિનંદનીય હોવાનું કહ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે નોટબંધીના નિર્ણય પછી સેવા ગ્રામ્ય વિસ્તારમાં શરૂ કરાતાં ગ્રામીણ પ્રજાની પૈસાની માંગને સારી રીતે પહોંચી વળાશે. તેમણે દેના બેંક સત્તાવાળાને આ મોબાઈલ વાન કયા દિવસે કયા ગામમાં કેટલા વાગે જશે તેનું વિગતવાર આયોજન કરી પ્રસાર કરવો જોઈએ.

શ્રી પટેલે દેના બેંક દ્વારા જિલ્લામાં લીડ બેંક તરીકેની ભૂમિકા પણ જે સાતત્યપૂર્ણ રીતે બજાવી છે તેને પણ બિરદાવી આ મોબાઈલ એટીએમ સેવાથી વધુને વધુ ગ્રાહકોપયોગી બને તેવી શુભકામના પાઠવી હતી.

આ એટીએમ વાનમાંથી રૂપેકાર્ડ અને એટીએમ કાર્ડથી નિયત કરાયેલ રૂ. ૨ હજારની રકમ ઉપાડી શકાશે તેમ બેંકના સત્તાવાળાઓએ જણાવ્યું છે. ખેડૂતો પણ તેમના રૂપે કાર્ડનો ઉપયોગ કરી શકશે.

## શ્રી અન્નપૂર્ણા માતાજીના વ્રત દરમિયાન પદયાત્રાનું આયોજન

શ્રી અન્નપૂર્ણા માતાજીના વ્રત દરમ્યાન ગાંધીનગરથી અંબાસણ સુધી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે પણ અંબાસણ ગામ ખાતે શ્રી અન્નપૂર્ણા માતાજી મંદિર દ્વારા ૩૨મી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૧ ડિસેમ્બર રવિવારના રોજ સવારે ૬ કલાકે પ્લોટ નં. ૫૬૦/૩ આંગન ફ્લેટ લગ્નવાડી સામે સેક્ટર-૨૩ ગાંધીનગર ખાતેથી પદયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવશે. જે ભક્તો આ પદયાત્રામાં જોડાવા માંગતા હોય તેમણે પોતાના નામ અગાઉથી નોંધાવી લેવા વિનંતી છે. વધુ માહિતી માટે દિપક જાની - ૯૮૯૮૦૩૦૬૫૨, દિનેશભાઈ ત્રિવેદી-૯૮૭૯૧૮૧૧૨૯, ઋષીભાઈ જાની - ૯૯૨૫૭૮૯૫૮૭, કેતન જાની - ૮૯૮૦૦૦૦૫૨૬ અને જીજ્ઞેશ જાની - ૯૫૩૭૧૩૦૬૫૨નો સંપર્ક કરી શકાશે.

## બાલવા ચોકડીથી ગામમાં જવાનો રસ્તો રીપેર કરવા રજુઆત

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર-માણસા માર્ગ પર બાલવા ચોકડીથી બાલવા ગામ તરફનો રસ્તો છેલ્લા ઘણા સમયથી બિસ્માર હાલતમાં છે. પાંચ વર્ષ પહેલા બનેલો માર્ગ તુટી જતા તંત્ર દ્વારા થીગડા મારવામાં આવેલ છે. પરંતુ માર્ગ રીપેર થાય તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે. કારણ કે ચોમાસામાં માર્ગમાં પડેલા ઉંડા ખાડાઓને કારણે અકસ્માતો સર્જાવાનો ભય રહેલો છે. તંત્ર દ્વારા માર્ગનું કામ ઝડપી હાથ ધરવામાં નહીં આવે તો ગામ લોકો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે.

બાલવાના જાગૃત નાગરિક શ્રી સુરેશભાઈ ત્રિવેદીએ જણાવેલ છે કે બાલવા ચોકડીથી બાલવા ગામનો રસ્તો પાંચ વર્ષ અગાઉ બનાવેલ જે હલકી ગુણવત્તાના કારણે તુટી જવા પામ્યો છે. તુટી ગયેલા રસ્તાને થાગડથીગડ કરીને ચલાવાય છે. કેટલીક જગ્યાએ ખાડાઓ યથાવત છે. ચોમાસાના કારણે રસ્તો વધુ બિસ્માર હાલતમાં છે. અકસ્માતનો ભય રહે છે આથી રસ્તો નવો બનાવવા રજુઆત કરવામાં આવેલ છે.

# રાજ્યની પ્રજાને નોટબંધીના કારણે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે

ગાંધીનગર, તા. ૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તાજેતરમાં કાળા નાણાંને નાથવા સંગ્રહખોરો સામેની લડાઈ અસરકારક બનાવવા અને સંગ્રહખોરો આતંકવાદીઓ ડુપ્લીકેટ જાલી નોટો પકડવા રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટો નાણાંકીય વ્યવહારોમાં બંધ કરવામાં આવી છે. જેને સૌએ લોકહિત માટે આવકારી હતી. પરંતુ રાજ્યની સામાન્ય પ્રજા આ નિર્ણયને કારણે પોતાના રોજીંદા વ્યવહારો, સામાજીક વ્યવહારો કરવા પોતાના નાણાં બેંકમાં જમા હોવા છતાં સમયસર નહી મળવાના કારણે પારાવાર મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. ગાંધીનગર વસાહત મહાસંઘે રજુઆત કરી છે કે હાલ લગ્નની મોસમ છે, ખેડૂતોને રવિ પાકનું વાવેતર શરૂ કરવાનું છે, દિવાળી વેકેશન બાદ વિદ્યાર્થીઓને સ્કૂલની ફી ભરવા મધ્યમ, ગરીબ વર્ગના લોકોને રોજબરોજના જીવન નિર્વાહણના વ્યવહારો ઠપ્પ થઈ ગયા છે.

રાજ્યની રાષ્ટ્રીયકૃત બેંકોમાં પોતાના જમા નાણાં મેળવવા લાંબી કતારો લાગી છે. અને આ કારણે કેટલાક લોકો મૃત્યુ પણ પામ્યા છે. આ ઉપરાંત રાજ્યના કર્મચારીઓના, પેન્શનરોના માસ અંતે સરકારને પગાર ચુકવવાનો હશે. હાલ બેંકોમાં પુરતી કેશ નથી અને લોકોને પોતાના નાણાા મેળવવા ઘણી હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પગાર સમયે નિયત તારીખે લાખો કર્મચારીઓ પેન્શનરોને પગાર મેળવવા ફાંફા મારવા પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. માસને અંતે કર્મચારીઓનું જીવનનિર્વાહ પગાર પર નિર્ભર હોય છે. ત્યારે તેમને નોટબંધીના કારણે હાલાકીનો સામનો કરવો પડી શકે છે. કર્મચારીઓ પેન્શનરોને દરેક બેંકમાં કર્મચારીઓનો પગાર ચુકવવા અલગ કાઉન્ટરની વ્યવસ્થા કરવા સંબંધિત બેંક અધિકારીઓને જરૂરી સૂચનાઓ પાઠવવી જરૂરી છે.

ગાંધીનગર જિલ્લા શહેરની સહકારી બેંકોમાં પણ નાગરિકોને પોતાના ડિપોઝીટ કરેલ નાણાં બેંકમાં કેશના અભાવે મળતા નથી. પૂરતી કેશ નહી હોવાથી બેંકોમાં લાંબી લાઈનો લગાવી ધરમ ધક્કા ખાવા પડે છે અને શહેર ગ્રામ વિસ્તારમાં રોજીંદા વ્યહારો ખોરવાઈ ગયા છે. આ બાબતે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ આ બાબતે મુખ્યમંત્રીને રજુઆત કરી છે. કર્મચારીઓ, પેન્શનરોને પોતાના નાણા સમયસર મળી રહે તેવી જરૂરી સૂચનાઓ કેન્દ્ર સરકાર તથા રીઝર્વ બેંકને પાઠવવા પણ તેઓએ વિનંતી કરી છે.

## નાંદોલ ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં જિલ્લા ભાજપની સક્રિય ભાગીદારી

ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર પ્રાંતનો સેવાસેતુ કાર્યક્રમ તાજેતરમાં નાંદોલ ખાતે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા ભાજપના પદાધિકારીઓએ ઉપસ્થિત રહી સક્રિય ભાગીદારી નોંધાવી હતી.

આ પ્રસંગે ગાંધીનગર પ્રાંતનો સેવાસેતુ કાર્યક્રમ નાંદોલ ખાતે ૨૩મીએ યોજાયો હતો. આ કાર્યક્રમના આયોજન માટે ગાંધીનગર જિલ્લા ભાજપ એકમે કાર્યક્રમમાં સહભાગી સેવાની જવાબદારી લઈ સૌ પદાધિકારીઓ હાજર રહ્યા હતા. જિલ્લા પ્રમુખ નૈલેષભાઈ શાહ, મહામંત્રી નાથુભાઈ ચૌધરી, ઉપાધ્યક્ષ કનુભાઈ પટેલ, મંત્રી ચંદ્રેશભાઈ પટેલ, દહેગામ તાલુકા ભાજપ એકમના પ્રમુખ બલરાજસિંહ ચૌહાણ તેમજ જિલ્લા અને તાલુકા મંડલના પદાધિકારીઓ પમ હાજર રહ્યા હતા.

## સેન્ટ્રલ યુનિવર્સીટી ગાંધીનગર ખાતે સ્ટુડન્ટ કાઉન્સિલની ચૂંટણી યોજાઈ

ગાંધીનગર, તા.૨૩

સેન્ટ્રલ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે સ્ટુડન્ટ કાઉન્સિલની ચૂંટણી તાજેતરમાં યોજવામાં આવી હતી.

આ ચૂંટણીમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના ૮માંથી ૫ વિદ્યાર્થીઓની ઐતિહાસિક જીત થઈ હતી. જે રાષ્ટ્રહિત અને છાત્રહિત માટે પરિવર્તનની શરૂઆત છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગાંધીનગરની સમસ્ટ ટીમ દ્વારા જીત પામેલ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## મુળનિવાસી સંઘ દ્વારા સંવિધાન સ્વીકાર દિવસ ઉજવવામાં આવશે

ગાંધીનગર, તા.૨૩

મુળનિવાસી સંઘ દ્વારા સંવિધાન સ્વીકાર દિવસ તા. ૨૬ નવેમ્બર શનિવારના રોજ ઉજવવામાં આવશે. આ કાર્યક્રમ ૨૬મીએ ડૉ. બાબા સાહેબ હોલ ખાતે બપોરે ૪.૦૦ કલાકે યોજાશે. જેમાં પૂર્વ રાજય પ્રમુખ હસમુખ ચંદ્રપાલ સંવિધાન ઉપર પ્રવચન આપશે જેનો લાભ લેવા સર્વે નગરજનોને હાજર રહેવા મુળનિવાસી સંઘના જિલ્લા પ્રમુખ રોહિત સુતરીયા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# લોકશાહી શાસન વ્યવસ્થામાં પ્રચાર-પ્રસાર માધ્યમોની ભૂમિકા વિષયક પરિસંવાદ સંપન્ન

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભા ખાતે ગણેશ વાસુદેવ માવળંકર તાલીમ બ્યુરો દ્વારા "લોકશાહી શાસન વ્યવસ્થામાં પ્રચાર-પ્રસાર માધ્યમોની ભૂમિકા" વિષયક પરિસંવાદનું દીપ પ્રગટાવી શુભારંભ કરતાં અધ્યક્ષે ઉમેર્યું હતું કે, ગુજરાત વિધાનસભા હસ્તકના આ બ્યુરો દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે ત્યારે માધ્યમ કર્મીઓ માટેનો આ નવતર અભિગમ ખરેખર લોકો માટે ફળદાયી નીવડશે. તેમણે ઉમેર્યું હતું કે, આઝાદીની લડતથી માંડીને સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે મીડિયાની ભૂમિકા મહત્વની રહી છે. આઝાદી મેળવવામાં જેટલો ફાળો શહીદોનો છે તેટલો જ ફાળો માધ્યમોનો રહયો છે ત્યારે લોકશાહીના જતન માટે માધ્યમો સક્રિય ભૂમિકા ભજવે તે આજના સમયની માંગ છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત વિધાનસભા દ્વારા આયોજીત મીડિયા કર્મીઓના સેમિનાર અંગે અભિનંદન આપતા કહ્યું કે, સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણમાં લોકશાહીના જતન અને હિતમાં માધ્યમ કર્મીઓ પોતાનું યોગદાન સુપેરે આપે તે અત્યંત અનિવાર્ય છે.

મુખ્યમંત્રી કાર્યાલયના ખાસ ફરજ પરના અધિકારી ભાગ્યેશ જહાએ આ પરિસંવાદ બદલ અધ્યક્ષનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ટેકનોલોજીના વર્તમાનયુગમાં પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયાના માધ્યમથી સમાચારોનો પ્રવાહ ખૂબ જ ઝડપી બન્યો છે. ડી.એન.એ. દૈનિકના તંત્રી શ્યામ પારેખે પ્રાસંગિક ઉદબોધન કરતાં કહ્યું હતું કે, લોકશાહીમાં મીડિયાની ભૂમિકા વૉચ ડૉગની છે. સરકાર અને લોકો વચ્ચે કડીરૂપ ભૂમિકા માધ્યમોની છે. એટલે કે સાચા અને તટસ્થ સામાચારો વાચકો સુધી પહોંચે તે જોવું ખૂબ જ જરૂરી છે.

નવગુજરાત સમય દૈનિકના તંત્રી અજય ઉમટે વૈશ્વિકથી સ્થાનિક કક્ષા સુધી મીડિયાની સ્થિતિ અને અને પ્રભાવની વિગતો આપીને ઉમેર્યું હતું કે, વર્તમાનયુગમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાની સાથે સાથે સોશ્યલ મીડિયા અને સિટિઝન જર્નાલીઝમનો પ્રભાવ ખૂબ જ નોંધનીય રીતે વધ્યો છે. આ પ્રસંગે માહિતી નિયામક અજય શાહે આભારવિધિ કરીને આ પરિસંવાદને સફળ બનાવવા બદલ ઉપસ્થિત સૌનો આભાર માન્યો હતો.





## યંગમૂન્ડો સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયનો ઉજ્જવળ દેખાવ

તાજેતરમાં યોજાયેલી સ્કૂલગેમ યંગમૂન્ડો અંડર-૧૯ સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયનો વિદ્યાર્થી પ્રથમ ક્રમે વિજેતા બન્યો છે.

સેકટર-૫-એ ખાતે આવેલ પ્રેરણા વિદ્યાલયનો વિદ્યાર્થી વાડોદરા જયમૂની હરજીભાઈ તાજેતરમાં યોજાયેલી સ્કૂલગેમ યંગમૂન્ડો અંડર-૧૯માં પ્રથમ ક્રમે વિજેતા બની રાષ્ટ્રકક્ષાએ પસંદગી પામ્યો છે. આ સ્પર્ધા માટે તેના કોચ તરીકે રોનક કંસારાએ મોટો ફાળો આપ્યો હતો.

રાષ્ટ્રકક્ષાએ પસંદગી પામવા બદલ શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા તથા આચાર્ય મનિષભાઈ ખત્રીએ શુભકામના પાઠવી હતી.